©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 13th SEPTEMBER, 2025/BHADRA 22, 1947 [No. 6054

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, નિયમ-૨૬ (૯)

(નમુનો-૮)

નગર રચના યોજના નં. ૨૭ (ભટાર-મજુરા)

આખરી યોજના

નં. નરયો/નં. ૨૭ (ભટાર-મજુરા)/જનરલ/૩૯૧૨ થી ૩૯૧૩/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ (૩) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯)ની જોગવાઇ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા ઉક્ત આખરી યોજના અંગેના નિર્ણયો આજ તારીખ ૦૯ સપ્ટેમ્બર સને ૨૦૨૫ ને મંગળવાર ના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯) ની જોગવાઇઓ અનુસાર નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલી જમીનોના દરેક માલિકને તેની મિલકત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયો ના ઉતારા ''નમૂનો-૬'' મુજબ પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થયો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને/ માલિકોને મારા નિર્ણયો ના ઉતારા ની નકલ મળ્યેથી એક માસની અંદર જે નિર્ણયો અપીલ ને પાત્ર છે તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૫ અનુસાર રાજ્ય સરકારશ્રી ધ્વારા નિયુકત થયેલ મે. પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર. (C/o. મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ચ-૩ ક્રોસ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર)ને જરૂરી કોર્ટ ફીનો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મૂળ નકલ ઉપર લગાવી ત્રણ નકલ માં લેખીત અપીલ કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિય, ૧૯૭૬ ની કલમ-૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે, જ્યારે કલમ-૫૪ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો ઉકત અધિનિયમ હેઠળ રચાતી અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે.

ઉપર્યુક્ત યોજનાની એક નકલ તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓ સાથે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં જોવા માટે મળી શકશે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : સુરત
તા. ૦૯-૦૯-૨૦૨૫

કે. ડી. પટેલ
નગર રચના અધિકારી અને
પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના એકમ-૨,
સુરત.

કચેરીનું સરનામું :
સુરત નગર રચના યોજના એકમ-૨,
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
પ્રથમ માળ, જુની વરાછા ઝોન ઓફિસ (ઈસ્ટ), ઝવેરચંદ
મેઘાણી બાગની પાછળ, વરાછા, સુરત-૩૯૫૦૦૬.
ફોન : ૦૨૬૧-૨૯૯૭૦૧૦
Email: stp-tpo2-srt@gujarat.gov.in

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.15 17:45:53 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot